# આપણે કેવા શિક્ષકો તૈયાર કરીએ છીએ ?

ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શિક્ષકો તૈયાર કરવા માટે પી.ટી.સી.નો બે વર્ષનો કોર્સ ચાલે છે, તો માધ્યમિક શિક્ષણ માટે બી.એડ્.નો એક વર્ષનો કોર્સ ચાલે છે. રાજ્યમાંબી.એડ્. ની સરકારી ગ્રાન્ટ લઇને ચાલતી આશરે ૪૦, સ્વનિર્ભર ૩૦૦ તથા સરકારી પાંચ જેટલી કોલેજો છે. તો વળી પી.ટી.સી. ની સરકારી ગ્રાન્ટ લઇને ચાલી ૪૩, સ્વનિર્ભર ૧૦૦ અને સરકારી ૩૦ જેટલી કોલેજો છે. આ બધી કોલેજોની જવાબદારી શાળામાં શિક્ષણ આપવા માટે સશક્ત શિક્ષકો તૈયાર કરવાની છે. જેથી ગુજરાતનું ભાવિ ઉજ્જવળ બને, સમાજમાં સારી રીતે શિક્ષણ અપાય અને નવી પેઢીને સારું શિક્ષણ અપયા જે થકી વ્યક્તિ અને સમાજના હિતો જળવાય તેમજ સૌ પ્રગતિના પંથે વિકાસ કરી શકે.

તાલીમી કોલેજોમાં તાલીમ લેવા આવેલ વિદ્યાર્થીઓને સૈદ્ધાંતિક જ્ઞાનની સાથે કેટલુંક પ્રેક્ટીકલ વર્ક પણ કરાવવામાં આવે છે. સૈદ્ધાંતિક જ્ઞાનમાં ખાસ કરીને શિક્ષણનું તત્ત્વજ્ઞાન, બાળકોનું મનોવિજ્ઞાન, ભારતમાં શિક્ષણનો વિકાસ, શાળા અને વર્ગસંચાલન, શિક્ષણની પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ, અધ્યયન અને અધ્યાપનના સિદ્ધાંતો, કમ્પ્યૂટર શિક્ષણ વગેરે જેવા ઘણાં વિષયો હોય છે. તેની સાથે વર્ગખંડમાં કેવી રીતે શિક્ષણ અપાય તેની પરાયોગિક વર્ગખંડમાં જઇને અધ્યાપકની હાજરીમાં તાલીમ અપાય છે. આ ઉપરાંત પ્રશ્નપત્ર કેવી રીતે કાઢવા, શૈક્ષણિક સાધનો બનાવવા, શાળામાં દસ દિવસ જઇને વિવિધ કાર્યનો અનુભવ લેવો, નાના સંશોધનો કરવા, મનોવૈજ્ઞાનિક કસોટીઓનો ઉપયોગ કરવો વગેરે જેવા ઘણાં પ્રાયોગિક કાર્યો કરાવવામાં આવે છે. જેનું સતત મૂલ્યાંકન અધ્યાપકો કરતા રહે ચે તેમજ તાલીમાર્થીઓને સતત માર્ગદર્શન આપીને સશક્ત શિક્ષક તૈયાર કરવાનો પ્રયત્ન કરતા હોય છે. આ બાબત જણાવી તે આદર્શ રીતે કામ કરતી કોલેજોની છે તેની નોંધ સૌ વાચકો લેશે. આવું કામ ગુજરાતમાં સરકારી સહાય લઇને ચાલતી ગ્રાન્ટેડ કોલેજો, સરકારી કોલેજો તેમજ ખૂબ જ ઓછા પ્રમાણમાં સ્વનિર્ભર કોલેજોમાં ચાલે છે.

પરંતુ છેલ્લા દસ દિવસમાં અનુભવેલી અને સાંભળવા મળેલ હકીકતોથી પારાવાર વેદના થઇ તેમજ જે વાચકો આ બાબતો વાંચશે તેઓ પણ મારા જેવી જ લાગણી અનુભવશે. અહીં જે રજૂ કરું છું તેમાં સહેજ પણ અતિશ્યોક્તિ નથી. તમામ માહિતી સત્યથી ભરેલી છે. વાત એમ બની કે, થોડા દિવસ પૂર્વે બી.એડ્.નું પરિણામ આવ્યું. મારા પરિચિત એક બેનનો ફોન આવ્યો કે મારું બી.એડ્.નું પરિનામ આવી ગયું. મારે ૮૩ ટકા છે. મેં પૂછ્યું કે, તમે કોલેજ જતાં હતાં. તેમનો જવાબ હતો કે, ના. વર્ષ દરમિયાન હું કોલેજ ગઇ નથી. માત્ર બે વખત ફી ભરવા ગઇ હતી. પણ યુનિવર્સિટીની કે બીજી કોઇ પરીક્ષા જેવું હોય તો કોલેજ અમને જાણ કરે ચે એટલે અમે પરીક્ષા આપવા જઇએ છીએ. તાલીમ લેવા કે વર્ગખંડમાં બેસીને ભણવા માટે અમે એક પણ દિવસ કોલેજમાં ગયા નથી. બીજી ઘટના એમ બની કે, અમે કોલેજમાં તાલીમાર્થીઓનો વાયવા- રૂબરૂ મુલાકાત લેવા બેઠા હતા. એક તાલીમાર્થી બેનને પૂછ્યું કે ક્યાં રહો છો ? જવાબ મળ્યો ચાર બહેનો રૂમ રાખીને રહીએ છીએ. બાકીની બહેનો પણ બી.એડ્. કરે છે. વધુ પૂછપરછ કરતાં જવાબ મળ્યો કે, બાકીની ત્રણ બહેનો સ્વનિર્ભર કોલેજમાં તાલીમ લે છે. જેમાંથી બે કોલેજોમાં સરસ કામ થાય છે, પણ એક કોલજમાં તો તાલીમાર્થી જાય કે ન જાય તેની કોઇ નોંધ જ લેતું નથી. એટલું જ નહીં એ કોલેજમાં તો પ્રિલિમનરી પરીક્ષા પણ લેવામાં આવી નહોતી. સીધા માર્કસ મૂકી દેવામાં

આવેલા વગેરે. આ વાતનું દુ:ખ હું મારા સહકર્મચારીને જણાવતો હતો. તો વી તેમણે કહ્યું કે, તમે હજુ દુનિયા ક્યાં જોઇ છે ! આપણા ત્યાં તો એક કોલેજ એવી રીતે ચાલે છે કે, વિદ્યાર્થીએ પ્રવેશ લેવા પણ એ કોલેજ પર જવાની જરૂર નથી. કોલેજ ગ્રામ્ય વિસ્તારમાં ચાલે છે. પણ તાલીમાર્થીને ત્યાં જવાનો ધક્કો ન થાય એટલે તેની ફી ભરવા અમદાવાદની એક કોલજમાં જવાનું. ત્યાબાદ યુનિવર્સિટીની પરીક્ષા આવે એટલે તાલીમાર્થીઓએ માત્ર પરીક્ષા આપવાની. તાલીમ લેવાની કે વર્ગખંડમાં હાજરી આપવાની વાત તો જવા દો. પણ પ્રવેશ લેનાર તાલીમાર્થીઓને એ પણ ખબર નથી હોતી કે તેમણે જે કોલેજમાં પ્રવેશ લીધો છે તે કોલેજનું બિલ્ડીગ ક્યાં આવેલું છે. વદારે દુ:ખદ બાબત એ પણ છે કે, આવી કોલેજોમાં ઇન્ટર્નલ માર્ક્સ અન્ય કોલેજો કરતાં વધુ આપવામાં આવે છે. દરરોજ કોલેજમાં જઇને તાલીમ લેતા વિચર્થી કરતાં બિલકુલ કોલેજમાં ન જાય છતાં તેના ઇન્ટર્નલ માર્કસ વધુ તે આજની તાલીમ આપતી કોલેજોની વાસ્તવિકતા છે.

આપણે જાણીએ છીએ કે, સમાજ અને વ્યક્તિના વિકાસનો આધાર શિક્ષણ પર છે. ત્યારે આપણે શિક્ષણ આપવા માટે જે શિક્ષકો તૈયાર કરી રહયાં છીએ તે કેવા હશે ? આવું બી જ કોલેજોમાં ચાલે છે એમ નથી, પણ ઘણીબધી કોલેજોમાં ચાલે છે તે હકીકત છે. આ વાત તો મારા અનુભવની અને મેં જાણેલી કે સાંભળેલી છે. પણ આખા ગુજરાતમાં બનતી તમામ ઘટનાઓ તો મેં નથી સાંભળી. આવી ઘટનાઓ કે આવી કોલેજો કેટલીયે હશે તેમાં શંકા રાખવાની સહેજ પણ જરૂર નથી. આ બાબતનો ખ્યાલ માત્ર અમારા જેવા ગણ્યાંગાંઠ્યા લોકોને જ છે એવું નથી, પણ કોલેજોના વહીવટ સાથે સંકળાયેલ યુનિવર્સિટી અને સરકારી અધિકારીઓને પણ છે. છતાં ચાલે છે જે દુ:ખદ બાબત છે. હા... આવા શિક્ષકો શાળા કોલેજોમાં નોકરી માટે પ્રવેશે નહીં અને શાળામાં સારા શિક્ષકોને જ નોકરી મળે તે માટે સરકારે ટેટ અને ટાટ જેવી પરીક્ષા શિક્ષકોની ભરતી માટે ગોઠવી છે. પરંતુ આ પરિક્ષાઓ તાલીમાર્થીઓનું જ્ઞાન જ ચકાસે છે, તેમના કૌશલ્ય તપાસતી નથી. ત્યારે હજુ પણ સરકારે અને સમાજે જાગવાની જરૂર છે, નહીં તો એક દિવસ એવો આવશે કે, સારા શિક્ષક શોધવા છતાં એકપણ નહીં મળે. અને તે વાતનો જ્યારે અનુભવ થશે ત્યારે પાછા વળવાનો રસ્તો પણ આપણી પાસે નહીં હોય.

યુનિવર્સિટી અને સરકારે સાથે મળીને આવી કોલેજો શોધી તેમને મોટો દંડ કરી તાત્કાલિક ધોરણે બંધ કરવી જોઇએ. જેથી બીજી કોઇ આવી કોલેજ ઊભી થવાનો પય્ત્ન ન કરે. ઉપરાંત સેલ્ફ ફાયનાન્સ સંસ્થાઓને મહ%વ આપતી સરકારની આજની નીતિમાં પણ કેટલાક સંશોધનો કરીને ખોટું કામ કરતી કોલેજોને તાત્કાલિક અટકાવવા માટેના પ્રયત્નો કરવા જોઇએ. આ લેખની હકીકતને સંપૂર્ણ સત્ય માનીને સરકારે તાત્કાલિક ધોરણે ઉપાયો અજમાવવા જોઇએ. એક નાગરિક તરીકે જો વાત કરું અને અપેક્ષા રાખું કે, કોઇ જજ સાહેબ આ લેખ વાંચે અને આ હકીકતોને ધ્યાને લઇને શિક્ષણના હિત ખાતર જો સોમોટો દાખલ કરે તો સમાજના શિક્ષણનું હિત સધાય અને આવતી પેઢીને સારું શિક્ષણ મળે, સારા શિક્ષકો સમાજમાં પ્રવેશે.